**:: ફોજદારી અપીલ નં.૧૦૯/૨૦૨૪ ના કામે આંક–૦૪ હેઠળ હુકમ ::**

(૧) સાંભળ્યા. આ કામના એપેલેન્ટ/આરોપીને ટ્રાયલ કોર્ટ દ્વારા ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવતો તા.૨૨/૦૮/૨૦૨૪ ના રોજ હુકમ કરેલો છે. જે હુકમથી વ્યથિત અને નારાજ થઈને એપેલેન્ટ/આરોપીએ હાલની અપીલ દાખલ કરેલ છે. આ અપીલની સાથોસાથ આંક–૦૪ થી વાદગ્રસ્ત હુકમનો અમલ મોકુફ રાખવા અને પોતાને જામીન ઉપર છોડવા હાલની અરજી આપેલ છે, જે અરજીના કામે એપેલેન્ટ/આરોપીએ દિન–૭ માં ચેકની રકમના ૨૦% રકમ ડીપોઝીટ પેટે જમા કરાવવાનો હુકમ કરેલ હતો, જે હુકમ મુજબ એપેલેન્ટ/આરોપીએ ચેકની ૨૦% રકમ જમા કરાવી દીધેલ છે, તેની નકલ આ કામે રજૂ કરેલ છે, ત્યારે એપેલેન્ટ/આરોપીને જામીન ઉપર મુકત કરવા અને ટ્રાયલ કોર્ટનો હુકમ અપીલના આખરી નિર્ણય સુધી સ્થગીત રાખવા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) એપેલેન્ટ/આરોપીની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે અને એપેલેન્ટ/આરોપીએ **રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ સજાનો અમલ અપીલના આખરી નિર્ણય સુધી નીચેની શરતોને આધીન સ્થગિત રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો–**

૧). એપેલેન્ટ/આરોપીએ આ કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડી કયાંય જવુ નહીં.

૨). એપેલેન્ટ/આરોપીએ અપીલના હીયરીંગ દરમ્યાન હાજર રહીને અપીલની કાર્યવાહીમાં સાથ સહકાર આપવાનો રહેશે.

- હુકમ મુજબના જામીન આ અદાલતમાં આપવાના રહેશે.
- આ હુકમની એક યાદી ટ્રાયલ કોર્ટને કરવી.

આ હુકમ આજરોજ તા.૨૭મી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૪ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તા.૨૭.૦૯.૨૦૨૪
સ્થળ–વેરાવળ

**(પ્રતાપદાન શંભુદાન ગઢવી)**
સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૪૪૦